# 1 વર્તુળ-આલેખ (Pie Graph)

◆ યાદ કરીએ :


આપેલી માહિતી પરથી સ્તંભ-આલેખ દોરો :

| ફળનું નામ | ચીકુ | દ્રાક્ષ | તડબૂચ | કેરી | સફરજન |
|---|---|---|---|---|---|
| વેચાણ (કિગ્રામાં) | 18 | 36 | 45 | 54 | 27 |

શીર્ષક : ..........................................................................................................

## નવું શીખીએ :

- સ્તંભ-આલેખમાં દર્શાવેલ માહિતીને એક જ વર્તુળના ભાગ તરીકે દર્શાવીએ તો તેને વર્તુળ-આલેખ કહેવાય.
- વર્તુળ-આલેખમાં માહિતી દર્શાવવા માટે માહિતીને અંશમાપમાં ફેરવવી પડે.
- વર્તુળના કેન્દ્ર પાસે બધા ખૂણાના માપનો સરવાળો $360^o$ થાય છે. તે આકૃતિમાં જુઓ.
- જ્યારે ખૂણાઓના માપન સિવાયની માહિતીને અંશમાપમાં ફેરવવી હોય, ત્યારે $360^o$ નો આધાર લેવાય છે.




- ચાલો, સ્તંભ-આલેખમાં દર્શાવેલ માહિતીને અંશમાપમાં ફેરવી વર્તુળ-આલેખ રચીએ.

| | ફળ | કિગ્રા |
|---|---|---|
| (1) | ચીકુ | 18 |
| (2) | દ્રાક્ષ | 36 |
| (3) | તડબૂચ | 45 |
| (4) | કેરી | 54 |
| (5) | સફરજન | 27 |

- ફળોનું કુલ વેચાણ (કિગ્રામાં) = 180 કિગ્રા
- પૂર્ણ વર્તુળ $360^o$ વડે દર્શાવાય.

કુલ વેચાણ 180 કિગ્રા : $360^o$

∴ 18 કિગ્રા : (?)

$$= \frac{18 \times 360}{180} = 36^0$$

- **માહિતીનું ટકામાં રૂપાંતરણ :**

કુલ 180 કિગ્રામાંથી ચીકુનું વેચાણ = 18 કિગ્રા

કુલ 100 કિગ્રાએ ચીકુનું વેચાણ = (?)

$$= \frac{18 \times 100}{180} = 10 \text{ કિગ્રા}$$

∴ ચીકુનું વેચાણ 10 % થયું.

- તમે જોયું કે અંશમાપ શોધવા 360°નો આધાર લેવાય છે, જ્યારે ટકા શોધવા 100નો આધાર લેવાય છે.
- ઉપરની ગણતરીના આધારે નીચેનું કોષ્ટક પૂર્ણ કરો અને ત્યારબાદ શિક્ષકની મદદથી કમ્પ્યૂટરમાં વર્તુળ-આલેખ બનાવો.

| | ફળ | કિગ્રા | અંશ | ટકા |
|---|---|---|---|---|
| (1) | ચીકુ | 18 | 36° | 10 % |
| (2) | દ્રાક્ષ | 36 | | |
| (3) | તડબૂચ | 45 | | |
| (4) | કેરી | 54 | | |
| (5) | સફરજન | 27 | | |

**વર્તુળાકાર પ્રદેશ દ્વારા કરવામાં આવતી માહિતીની ચિત્રાત્મક રજૂઆતને વર્તુળ-આલેખ કહે છે.**


- આવા વર્તુળ-આલેખ આપ સૌએ ક્યાં ક્યાં જોયાં છે ? તેનો કઈ કઈ માહિતી દર્શાવવા ઉપયોગ થાય ? શિક્ષકશ્રી સાથે ચર્ચા કરી તેના ઉપયોગ વિશે તમારી નોંધપોથીમાં નોંધ કરો.



## મહાવરો : 1

**1. નીચે આપેલા વર્તુળ આલેખ પરથી કેટલાંક પ્રશ્નો આપેલાં છે. આલેખનો અભ્યાસ કરી તે પ્રશ્નોના જવાબ ગણતરી સાથે તમારી નોંધપોથીમાં લખો.**

**ધોરણ 7ના વિદ્યાર્થીઓએ 'શિક્ષકદિન'ની ઊજવણીમાં આપેલ ફાળો વર્તુળ આલેખમાં દર્શાવ્યા મુજબ છે.**





(1) કુલ કેટલા રૂપિયા ફાળો એકઠો થયો છે ?

(2) જાફરે કેટલા ટકા ફાળો આપેલ છે ?

(3) અનુજના ફાળાનું અંશમાપ ગણો અને આકૃતિમાં માપો.

(4) સૌથી ઓછો ફાળો કોનો છે ?

**2. અજયભાઈએ માર્કેટમાંથી પોતાની દુકાન માટે દિવસ દરમિયાન વર્તુળ આલેખમાં દર્શાવ્યા પ્રમાણે કુલ 3600 કિલોગ્રામ પાકની ખરીદી કરી.**




(1) કપાસ કરતાં ઘઉં કેટલા ટકા વધારે છે ?

(2) તલની ખરીદી કેટલા કિલોગ્રામ છે ?

(3) કપાસનો ભાગ કેટલા અંશમાપ થાય તે ગણો અને માપો.

(4) દિવેલા કેટલા કિલોગ્રામ છે ?

**3. એક ક્રિકેટમૅચમાં પહેલી પાંચ ઓવરમાં થયેલા કુલ 50 રન દર્શાવતા વર્તુળ આલેખ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો :**




(1) સૌથી વધુ રન કઈ ઓવરમાં થયા છે ?

(2) કઈ ઓવરમાં એક પણ રન થયો નથી ?


(3) ત્રીજી ઓવરમાં કેટલા ટકા રન થયા છે ?

(4) 28 ટકા રન કઈ ઓવરમાં થયા છે ?



## સ્વાધ્યાય

**1. અંજલીબહેનની માસિક આવક ₹ 7200 છે. તેમણે બનાવેલા મહિનાના બજેટના વર્તુળ-આલેખનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો :**





(1) કેળવણીનો ખર્ચ કેટલા ટકા દર્શાવે છે ?

(2) બચત માટે કેટલા રૂપિયાની જોગવાઈ છે ?

(3) કપડાનો ખર્ચ કેટલા અંશમાપ દર્શાવે છે ?

(4) સૌથી વધુ ખર્ચ શાનો છે ?

**2. એક શાળાના 60 બાળકોએ રમતોત્સવમાં જુદી જુદી રમતોમાં ભાગ લીધેલ, તે દર્શાવતી માહિતીનો વર્તુળ આલેખ નીચે આપ્યો છે. તે પરથી પ્રશ્નોના જવાબ આપો.**





(1) લીંબુ ચમચી રમતમાં કેટલા બાળકોએ ભાગ લીધો ?

(2) કઈ રમતમાં સૌથી ઓછા બાળકોએ ભાગ લીધો ?

(3) કઈ રમતમાં સૌથી વધુ બાળકોએ ભાગ લીધો ?

(4) ગોળાફેંકમાં કેટલા બાળકોએ ભાગ લીધો ?

**3. સોહમના માતા-પિતાએ શાળા શરૂ થતાં તેના માટે કુલ 540 રૂપિયાની કેટલીક વસ્તુઓની ખરીદી કરી, જે નીચે આપેલ વર્તુળ આલેખમાં ટકા સ્વરૂપે દર્શાવેલ છે. તે પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.**




(1) બૅગની કિંમત કેટલા રૂપિયા છે ?

(2) વૉટરબૅગની કિંમત કેટલા રૂપિયા છે ?

(3) સ્કૅચપેન કેટલું અંશમાપ દર્શાવે છે ?

(4) સૌથી વધુ રૂપિયા કઈ વસ્તુના ચૂકવ્યા ? કેટલા ?

**નોંધ :** અન્ય ચાર પ્રશ્નો બનાવો. પ્રશ્નો તેમજ તેના જવાબ તમારી નોટબુકમાં લખો.

## જવાબ

### મહાવરો : 1

| | | | | |
|---|---|---|---|---|
| **1.** | (1) 120 | (2) 15 % | (3) 108° | (4) દેવ |
| **2.** | (1) 20 % | (2) 360 કિલોગ્રામ | (3) 54° | (4) 900 કિલોગ્રામ |
| **3.** | (1) પાંચમી ઓવર | (2) બીજી ઓવર | (3) 24 % | (4) ચોથી ઓવર |

### સ્વાધ્યાય

| | | | | |
|---|---|---|---|---|
| **1.** | (1) 10 % | (2) ₹ 1440 | (3) 18° | (4) ખોરાક |
| **2.** | (1) 15 બાળકો | (2) ઊંચી કૂદ | (3) દોડ | (4) 10 બાળકો |
| **3.** | (1) 162 રૂપિયા | (2) 54 રૂપિયા | (3) 18° | (4) નોટબુક, 216 રૂપિયા |